# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25મા SCO સમિટમાં ભાગ લેવા ચીનના તિયાનજિન પહોંચ્યા
2. પ્રધાનમંત્રી મોદીએ ટોક્યોમાં 16 પ્રાંતોના ગવર્નરોને ભારતની વિકાસગાથામાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું.
3. ચાલુ નાણાકીય વર્ષના ત્રિમાસિકમાં ભારતનું GDP 7.8 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ
4. ઈલેક્ટ્રોનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવે નોઈડામાં મોબાઈલ ફોન માટે દેશના પ્રથમ ટેમ્પર્ડ ગ્લાસ ઉત્પાદન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.
5. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ નોઈડામાં ડ્રોન ઉત્પાદન કંપની અને એન્જિન પરીક્ષણ સુવિધા કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું.

...............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-CHINA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25મા શાંઘાઈ સહયોગ સંગઠન – SCO સમિટમાં ભાગ લેવા માટે આજે ચીનના તિયાનજિન પહોંચ્યા છે. બે દિવસીય સમિટ આવતીકાલથી શરૂ થશે. સમિટ દરમિયાન, શ્રી મોદી વૈશ્વિક નેતાઓને મળશે અને પ્રાદેશિક સુરક્ષા, કનેક્ટિવિટી, ટકાઉ વિકાસ અને વૈશ્વિક સહયોગના મુદ્દાઓ પર ચર્ચા કરશે. સમિટમાં, છેલ્લા 25 વર્ષમાં સંગઠનની સિદ્ધિઓની ચર્ચા કરવામાં આવશે અને આગામી 10 વર્ષ માટેની કાર્યયોજના બનાવવામાં આવશે.

ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠનનું આયોજન પાંચમી વખત થઈ રહ્યું છે. ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ કાર્યવાહીનું નેતૃત્વ કરશે. 20 થી વધુ રાષ્ટ્રપ્રમુખો અને 10 આંતરરાષ્ટ્રીય સંગઠનો સમિટમાં હાજર રહેશે તેવી શક્યતા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સમિટમાં હાજરી આપનારા અગ્રણી નેતાઓમાં સામેલ છે.

. . . . . . . . . . . . . . .

# PM JAPAN

જાપાન મુલાકાતના પહેલા દિવસે 15મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં હાજરી આપ્યા બાદ, પ્રધાનમંત્રી મોદી આજે ટોક્યોમાં 16 પ્રાંતોના ગવર્નરોને મળ્યા. પ્રધાનમંત્રીએ તેમને ભારતની વિકાસગાથામાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું.

બાદમાં, શ્રી મોદી અને જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબાએ શિંકાનસેન-બુલેટ ટ્રેન દ્વારા મિયાગી પ્રાંતના સેન્ડાઈ સુધી મુસાફરી કરી. તેઓએ સેમિકન્ડક્ટર ઉત્પાદનના મુખ્ય ઉત્પાદક ટોક્યો ઇલેક્ટ્રોન ફેક્ટરીની મુલાકાત લીધી.

ગઈકાલે વાર્ષિક શિખર સંમેલન દરમિયાન, શ્રી મોદી અને શ્રી ઇશિબાએ પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી અને અનેક કરારોનું આદાન-પ્રદાન કર્યું. આ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત-જાપાન મિત્રતા આવનારા સમયમાં નવી ઊંચાઈઓને સ્પર્શશે. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે આ મુલાકાત ભારત-જાપાન ભાગીદારીમાં એક નવા યુગની શરૂઆત દર્શાવે છે.

. . . . . . . . . . . . . .

# INDIA - GDP

ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન ત્રિમાસિકમાં ભારતનું વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) 7.8 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. આ પાંચ ત્રિમાસિકમાં સૌથી વધુ છે. ગયા નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિકમાં GDP 7.4 ટકા હતો, જ્યારે ગયા નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં તે 6.5 ટકા હતો. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા પ્રથમ ત્રિમાસિકના ડેટા અનુસાર, અગાઉના સમયગાળાની સરખામણીએ GDP 8.8 ટકા વધ્યો છે. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ આ અંદાજોનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે ભારત સુધારાઓ દ્વારા સંચાલિત

વૈશ્વિક વિકાસ એન્જિન છે. તે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે અને આ આંકડા ઉત્તમ છે.

## (બાઇટ- હરદીપસિંહ પુરી)

એસોચેમના પ્રમુખ સંજય નાયરએ કહ્યું કે આ ભારતીય અર્થતંત્રમાં નોંધપાત્ર મજબૂતાઈ અને સ્થિરતા દર્શાવે છે. આ આંકડા અસરકારક નીતિગત પગલાં અને સ્થાનિક માંગ બંનેને પ્રતિબિંબિત કરે છે. પંજાબ-હરિયાણા-દિલ્હી વેપારી મહામંડળના પ્રમુખ હેમંત જૈને જણાવ્યું હતું કે ભારતીય અર્થતંત્રે વિકાસની ગતિ જાળવી રાખી છે. આ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્ય તરફ દેશની સતત પ્રગતિ દર્શાવે છે. વેપાર-ઉદ્યોગ મહાસંઘના મહાનિયામક જ્યોતિ વિજે જણાવ્યું હતું કે આ મજબૂત વૃદ્ધિ એવા સમયે થઈ છે જ્યારે દેશ ગંભીર વૈશ્વિક પડકારોનો સામનો કરી રહ્યો છે.

. . . . . . . . . . . . . .

## MANOHARLAL - CLEANLINESS

કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે તમામ રાજ્યોને સફાઈ ઝડપી બનાવવા સલાહ આપી છે. શહેરી વિસ્તારો માટે સ્વચ્છ ભારત મિશનના બીજા તબક્કાની વર્ચ્યુઅલ મીટિંગમાં, તેમણે કહ્યું કે સ્વચ્છતા અને શહેરી વિકાસ એકબીજા સાથે જોડાયેલા છે. શહેરી વિકાસ અને નીતિ અમલીકરણના વાહક તરીકે સ્વચ્છતા લક્ષ્ય એકમોની પણ ચર્ચા કરી.

. . . . . . . . . . . . . .

## REV. ASHWINI-TEMPERED GLASS

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ઉત્તર પ્રદેશના નોઈડામાં મોબાઈલ ફોન માટે દેશના પ્રથમ ટેમ્પર્ડ ગ્લાસ ઉત્પાદન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે શ્રી વૈષ્ણવે કહ્યું કે ટેમ્પર્ડ ગ્લાસનું સ્વદેશી ઉત્પાદન મેક ઇન ઈન્ડિયા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનની સફળતા તરફ એક મોટું પગલું છે.

છેલ્લા 11 વર્ષમાં ભારતમાં ઇલેક્ટ્રોનિક ઉત્પાદનોનું ઉત્પાદન છ ગણું વધીને 11.5 લાખ કરોડ રૂપિયા થયું છે. જેમાં 3 લાખ કરોડ રૂપિયાથી વધુની નિકાસનો સમાવેશ થાય છે અને 25 લાખ લોકોને રોજગાર પણ મળ્યો છે.

### (BYTE- ASHWINI VAISHNAV)

શ્રી વૈષ્ણવે માહિતી આપી કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશનો GDP 7.8 ટકા વધ્યો છે. તેમણે કહ્યું કે ભારત ધીમે ધીમે મોબાઈલ ફોન સંબંધિત દરેક સામગ્રીનું ઉત્પાદન કરશે.

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## RAJNATH - ENGINE TESTING CENTER

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે નોઈડામાં એક ડ્રોન ઉત્પાદન કંપની અને એન્જિન પરીક્ષણ સુવિધા કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું. સભાને સંબોધતા, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ડ્રોન આજકાલ આધુનિક યુદ્ધ વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. શ્રી સિંહે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતના ખ્યાલને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે આ પહેલથી ક્ષેત્રમાં 5 હજારથી વધુ રોજગારની તકો ઉભી થવાની અપેક્ષા છે.

સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે ઓપરેશન સિંદૂર એ નિશ્ચય, હિંમત અને વિજ્ઞાનનું પરિણામ છે. તે માત્ર ભારતીય સૈનિકોની બહાદુરીનો પુરાવો નથી પણ આત્મનિર્ભર ભારતના વૈજ્ઞાનિક નવીનતાઓની સંભાવનાને પણ સાબિત કરે છે.

(S/B- રાજનાથ સિંહ, GNR મેઇલમાં)

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે રાષ્ટ્ર ફક્ત શસ્ત્રો અને જ્ઞાનના સંકલનથી જ સશક્ત બને છે. તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશ સંરક્ષણ ઉત્પાદનમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . .

## BIRLA-MEDIA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે કહ્યું કે લોકસભાની અંદર પૂર્વઆયોજિત અવરોધો ઊભા કરવાના પ્રયાસો થઈ રહ્યા છે જે લોકશાહી માટે સારા નથી.

આજે ભુવનેશ્વરમાં મીડિયાને સંબોધતા શ્રી બિરલાએ કહ્યું કે રાજકીય પક્ષોના અલગ અલગ મંતવ્યો હશે અને શાસક અને વિપક્ષી પક્ષોના નેતાઓ વિવિધ મુદ્દાઓ પર સંમત અને અસંમત થશે. જોકે, સંસદ અને વિધાનસભાઓમાં આયોજિત અવરોધ માટે કોઈ સ્થાન નથી કારણ કે જનતાએ ઘણી આશાઓ અને આકાંક્ષાઓ સાથે સાંસદોને ચૂંટ્યા છે.

લોકસભા અધ્યક્ષ સંસદના છેલ્લા ચોમાસુ સત્રનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જ્યાં લોકસભા અને રાજ્યસભા બંને વિક્ષેપોને કારણે થોડા કલાકો માટે જ કામ કરી શક્યા. શ્રી બિરલાએ કહ્યું કે મતભેદો હંમેશા લોકશાહીને મજબૂત બનાવે છે અને આને ગૃહમાં મંજૂરી આપવી જોઈએ.

. . . . . . . . . . . . . . .

## EVE. PUNJAB - FLOODS

પંજાબ ગંભીર પૂરની સ્થિતિનો સામનો કરી રહ્યું છે. પહાડી વિસ્તારોમાંથી રાવી, બિયાસ અને સતલજ નદીઓમાં ભારે પાણીના પ્રવાહને કારણે બંધો છલકાઈ ગયા છે અને નિયંત્રિત માત્રામાં પાણી છોડવામાં આવી રહ્યું છે. રાજ્યના કેટલાક ભાગોમાં પણ વરસાદ પડી રહ્યો છે, જેના કારણે પૂરગ્રસ્ત જિલ્લાઓમાં લોકોની મુશ્કેલીઓ વધી રહી છે.

રાવી નદીમાં અત્યાર સુધીમાં ૧૪.૧૧ લાખ ક્યુસેકથી વધુ પાણી આવ્યું છે અને ઘણા વિસ્તારો ડૂબી ગયા છે.

કેટલાક મંત્રીઓ, ધારાસભ્યો, વરિષ્ઠ અમલદારો અમૃતસર, ગુરદાસપુર, કપૂરથલા, ફિરોઝપુર અને કેટલાક અન્ય અસરગ્રસ્ત જિલ્લાઓમાં બચાવ અને રાહત કામગીરીના નિરીક્ષણ કાર્યમાં જોડાયા છે. ભારતીય સેના, IAF, BSF અને તેની ઉડ્ડયન શાખા, NDRF, SDRF, પંજાબ પોલીસ અને સ્વૈચ્છિક સંસ્થાઓ ફસાયેલા લોકોને બચાવવા અને તબીબી સહાય સહિત રાહત સામગ્રી પૂરી પાડવા માટે 24 કલાક યુદ્ધના ધોરણે કામ કરી રહી છે.

હવામાન વિભાગે 1 સપ્ટેમ્બરના રોજ પંજાબમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી પણ આપી છે.

. . . . . . . . . . . . . . .

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર,

પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .